
## વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય લંબોદરાય સકલાય જગદ્ધિતાયા નાગાનનાથ શ્રુતિયજ્ઞવિભૂષિતાય ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે

**હે વિઘ્નેશ્વર! હે વરદાન આપનાર અને દેવતાઓને પ્રિય એવા લંબોદર! સમગ્ર જગતના હિતકારી, નાગમુખધારી, વેદો અને યજ્ઞથી વિભૂષિત તથા માતા ગૌરીના પુત્ર હે ગણનાથ, આપને વારંવાર નમસ્કાર.**


લક્ષ્મીવિલાસ પેલેસ


તંબોડી પોળ યુવક મંડળ, રાજમહેલ રોડ


દયાળભાઉનો ખાંચો,રાજમહેલ રોડ


પરાગરાજ ના ગણરાજા, હરણી- વારસીયા રીંગ રોડ

ગણેશજી હિંદુ ધર્મમાં વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને મંગલમૂર્તિ તરીકે પૂજાય છે. શ્રી ગણેશજીના વિવિધ પૌરાણિક સ્વરૂપોમાં દ્વિમુખી ગણપતિ એક વિશિષ્ટ અને પ્રતીકાત્મક સ્વરૂપ છે. જેમાં ભગવાનને બે મુખ અને ચાર ભુજાઓ સાથે દર્શાવવામાં આવે છે.



મંગલેશ્વર કા મહારાજા, ફતેપુરા



જય હનુમાન સેવા ટ્રસ્ટ,સલાટવાડા


જે.આર.ગ્રૂપના રાજા, છાણી


દેવજીભાઈ પી સોલંકી પરિવાર, આજવારોડ


કોયલી ફળિયા યુવક મંડળ



રાજસ્તંભ સોસા., પરિવાર




જય ભોલે સાંઈ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ,ગોરવા


પૌવાવાળા યુવક મંડળ


માને પરિવાર , નિઝામપુરા


આસ્થા ફાઉન્ડેશન, આજવા રોડ


હેપ્પી ક્લબ ચેરીટેબલ ટ્રસ્ટ

### વુડાના મકાનો પાસે ચોમાસામાં રોગચાળાનો ભય : નિયમિત વેરો ભરતા નાગરિકોનો પાલિકા સામે આક્રોશ, કાયમી ઉકેલની ઉગ્ર માંગ

# ખોડિયાર નગરમાં ગંદકીનું સામ્રાજ્ય રહીશો નર્કાગાર ભોગવવા મજબૂર

**ગુજરાતમિત્ર**
**સિવિક ઈશ્યૂ**
**વડોદરાને કનડતાં પ્રાણપ્રશ્નોને વાચા**

(પ્રતિનિધિ) વડોદરા તા.19
વડોદરા શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા પીળા કલરના વુડા ના મકાનોની આસપાસ હાલ ચારેતરફ ગંદકી અને ઉભરાતી ગટરોનો નરકાગાર સર્જાયો છે. સ્થાનિક રહીશો ગટરના દૂષિત પાણી અને અસહ્ય દુર્ગંધ વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. ખાસ કરીને ચોમાસાના વરસાદી માહોલમાં સ્થિતિ વધુ વણસી રહી છે, જેના કારણે જાહેર રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં ભારે અસ્વચ્છતા ફેલાઈ રહી છે.

નગરજનોને સ્વચ્છ વાતાવરણ અને યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા પૂરી પાડવાની પ્રાથમિક જવાબદારી ધરાવતી પાલિકા અને સ્થાનિક તંત્રની કામગીરી સામે હવે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કે શું તંત્રના જવાબદાર અધિકારીઓએ ક્યારેય આ વિસ્તારની મુલાકાત લઈને સમસ્યાનું સ્થળ નિરીક્ષણ કર્યું પણ છે કે કેમ? જો નિરીક્ષણ કર્યું જ હોય, તો પછી વર્ષો જૂની ગટરો ઉભરાવાની સમસ્યાનો હજુ સુધી કાયમી ઉકેલ કેમ લાવવામાં આવ્યો નથી?

નિયમિતપણે ટેક્સ ભરતી જનતાને પ્રાથમિક સુવિધાઓ આપવાના બદલે ગંદકી અને દુર્ગંધ વચ્ચે છોડી દેવાતા પાલિકાની બેદરકારી પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મુકાયો છે. ચોમાસા કે વરસાદ બાદ માત્ર નામ પૂરતી સફાઈનો દેખાવ કરવાના બદલે તંત્ર દ્વારા ડ્રેનેજ લાઈનની યોગ્ય તપાસ, નિયમિત સફાઈ અને વરસાદી પાણીના નિકાલ માટે કાયમી ગટર વ્યવસ્થા ઊભી કરવી અત્યંત જરૂરી બની ગઈ છે.સ્થાનિક રહીશોની આ હાલાકી અને રોગચાળાના ભયનો અંત લાવવા મા ટે પાલિકા તંત્ર તાત્કાલિક ધોરણે નક્કર કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે.



### વુડાના મકાનો પાસે તંત્રની મોટી નિષ્ફળતા



"વુડાના મકાનો પાસે ગટરના પાણી એટલી હદે ઉભરાય છે કે ઘરમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. ચોમાસામાં તો રસ્તાઓ પર ગંદુ પાણી ભરાઈ રહે છે, જેના કારણે દુર્ગંધથી શ્વાસ લેવો ભારે પડે છે. અમે નિયમિત વેરો ભરીએ છીએ છતાં અમારે આ ગંદકી વચ્ચે રહેવું પડે છે, જે તંત્રની મોટી નિષ્ફળતા છે."
**રમેશભાઈ પરમાર** (સ્થાનિક રહીશ, ખોડિયાર નગર)

### કાયમી ઉકેલ લાવતું નથી



"ગટરના ઉભરાતા પાણીના કારણે નાના બાળકો અને વડીલોમાં રોગચાળો ફેલાવાનો ભારે ભય રહે છે. મચ્છરોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે રાત્રે ઊંઘવું પણ હરામ થઇ ગયું છે. પાલિકામાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી ઉકેલ લાવતું નથી, માત્ર ચોમાસા પછી નામ પૂરતી સફાઈ કરીને જતાં રહે છે."
**સુનીતાબેન સોલંકી** (સ્થાનિક ગૃહિણી)

### ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનીશું



"ગટર અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. તંત્રના કોઈ અધિકારીઓ અહીં પરિસ્થિતિ જોવા પણ આવતા નથી. જો આ સમસ્યાનો વહેલી તકે કાયમી ઉકેલ નહીં આવે, તો અમે તમામ રહીશો ભેગા મળીને પાલિકા કચેરી સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનીશું."
**રમા વણકર** (સ્થાનિક રહેવાસી)

### કાયમી ઉકેલ લાવતું નથી



"મારા વિસ્તારમાં વુડાના મકાનો પાસે ઉભરાતી ગટર અને ડ્રેનેજ લાઈનની સમસ્યાની જાણ છે. આ વિસ્તારમાં જૂની ડ્રેનેજ લાઈન પર પડતું વધારાનું ભારણ અને વરસાદી પાણીના નિકાલની સમસ્યાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. મેં ઉચ્ચકક્ષાએ વાત કરી છે અને તાત્કાલિક સુપર સકર મશીન મૂકી સફાઈ કરાવવા સૂચના આપી છે. નવી-મોટી ડ્રેનેજ લાઈન મંજૂર કરાવીને સમસ્યાનો કાયમી ઉકેલ લવાશે."
**અજીત દધીચિ** (સ્થાનિક કોર્પોરેટર)

---

### વડોદરા કલેક્ટર કચેરીમાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ

# ડભોઈ અને વાઘોડિયાના જનપ્રશ્નો અંગે બંને ધારાસભ્યે તંત્ર સામે રોષ ઠાલવ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯
મા સના ત્રીજા શનિવારે યોજાતી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક આજે કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોનું સમયમર્યાદામાં નિરાકરણ લાવવા નિવાસી અધિક કલેક્ટર દ્વારા સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ થતા પ્રશ્નો સામૂહિક હિત સાથે સંકળાયેલા હોવાથી તેને અગ્રતા આપી તાત્કાલિક કાર્યવાહી કરવી અત્યંત જરૂરી છે.

**પ્રશ્નોનો ઉકેલ લાવો નહીં તો......**

ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ જિલ્લા સંકલન બેઠકમાં ગેરકાયદેસર રિયલ એસ્ટેટ સાઇટ્સ, કેનાલ દબાણ, જર્જરિત રસ્તા, સિંચાઇ-વીજળી પ્રશ્નો સહિતના મુદ્દા ઉઠાવ્યા હતા. મહમદપુરા શાળાના ઓરડા તૂટતાં વિદ્યાર્થીઓને ખુલ્લામાં બેસાડાતા હોવા, ડભોઈ-વસઈ બસ શરૂ કરવા અને નાગડોળ ખાતે કોઝ-વે બનાવવાની માંગ કરી હતી. પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો જનઆંદોલનની ચીમકી અપાઈ હતી.

**વાઘોડિયા ધારાસભ્યએ અનદાનની વિગતો માગી**

વાઘોડિયા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ કલેક્ટર સંકલન બેઠક માટે વીજળી, પાણી અને રસ્તાના પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. સણોલી ફીડરની વીજ ખામી, જર્જરિત પાણીની ટાંકીઓ, ઓવરસ્પીડ બસો સામે કાર્યવાહી અને રણોલીની સરકારી જમીનના રહેણાંક મકાનો નિયમબદ્ધ કરવાની માંગ કરાઈ છે. વરસાદી કાંસની સફાઈ, કંપનીઓના સેફ્ટી ઓડિટ અને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનના અનુદાનની વિગતો પણ માગવામાં આવી છે.

---

### વડોદરા SOGને વધુ મજબૂત બનાવાઈ

# શહેરના વિવિધ પોલીસ સ્ટેશનમાંથી કર્મચારીઓની SOGમાં બદલી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા શહેર યુનિટમાં ફરજ બજાવતા સાત પોલીસ કર્મચારીઓને એસ.ઓ.જી. શાખામાં એટેચ ફરજ સોંપવાનો હુકમ કરવામાં આવ્યો છે. અલગ-અલગ પોલીસ સ્ટેશન અને શાખામાં ફરજ બજાવતા આ કર્મચારીઓને તાત્કાલિક છૂટા કરી એસ.ઓ.જી.માં હાજર કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

પોલીસ કમિશનરના હુકમ મુજબ માંજલપુર પોલીસ સ્ટેશનના અ.હે. કો. રણજીતસિંહ નારાયણભાઈ, નંદેસરી પોલીસ સ્ટેશનના અ.હે. કો. મોહમદહસન મોહમંદહનીફ, જે.પી. પોલીસ સ્ટેશનના અ.હે. કો. ભગીરથસિંહ દશરતસિંહ, ગોત્રી પોલીસ સ્ટેશનના અ.હે.કો. દિનેશભાઈ સીંગાભાઈ, AHTUના અ.હે.કો. રોનકકુમાર દિનેશભાઈ , સમા પોલીસ સ્ટેશનના અ.હે.કો. અશોકભાઈ અંબારામભાઈ અને છાણી પોલીસ સ્ટેશનના અ.હે. કો. કલ્યાણભાઈ પ્રેમજીભાઈ ને એસ.ઓ.જી. શાખામાં એટેચ કરવામાં આવ્યા છે.

હુકમમાં સંબંધિત પોલીસ સ્ટેશન અને શાખાના વડાઓને આ કર્મચારીઓને તાત્કાલિક છૂટા કરી એસ.ઓ.જી. ખાતે હાજર કરાવવા તથા તેની જાણ પોલીસ કમિશનર કચેરીને કરવા જણાવાયું છે.

---

### કરોડો રૂપિયાનો ખર્ચ છતાં સમસ્યા યથાવત

# પોર બ્રિજ પર રોજિંદો ટ્રાફિકજામ, પીક અવર્સમાં વાહનચાલકોની હાલત કફોડી

**શિફ્ટ બસો ફસાતા**
કર્મચારીઓ સમયસર નોકરીએ પહોંચી શકતા નથી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
પોર બ્રિજ પર દરરોજ પીક અવર્સમાં ભારે ટ્રાફિકજામ સર્જાવાની સમસ્યાએ હવે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને સાંજના સમયે બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગતા વાહનચાલકો ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. પોર બ્રિજ પર છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું છે. કરોડો રૂપિયાના ખર્ચે બ્રિજ બનાવવામાં આવ્યો હોવા છતાં ટ્રાફિક સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. રોજ સવાર-સાંજ અહીંથી પસાર થતી અનેક કંપનીઓની શિફ્ટ બસો પણ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ જાય છે, જેના કારણે કર્મચારીઓ સમયસર ફેક્ટરી કે ઓફિસે પહોંચી શકતા નથી. રોજની આ સમસ્યાથી કંટાળીને એક કર્મચારીએ ટ્રાફિકજામનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. બ્રિજની બંને તરફ વાહનોની કતારો લાગતી હોય છે અને લોકો રસ્તા પર કલાકો સુધી અટવાઈ જાય છે. સ્થાનિક વાહનચાલકોનું કહેવું છે કે, તંત્ર દ્વારા ટ્રાફિક નિયમન માટે કોઈ નક્કર વ્યવસ્થા કરવામાં આવતી નથી. ટ્રાફિક પોલીસની ગેરહાજરી અને અવ્યવસ્થિત વાહન પાર્કિંગના કારણે સમસ્યા વધુ વકરે છે. આ અંગે વારંવાર રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી ન થતા હવે તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. વાહનચાલકો અને કર્મચારીઓએ તાત્કાલિક ધોરણે ટ્રાફિકજામની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી છે.



---

### રોડના પોપડા ઉખડ્યા, ગરમ ડામરમાં લોકોના પગ ચોંટ્યા

# કારેલીબાગમાં સીલકોટના કામમાં કથિત ભ્રષ્ટાચારની પોલ ખૂલી

(પ્રતિનિધિ) વડોદરા તા.19
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના નબળા વહીવટ અને કોન્ટ્રાક્ટરો સાથેના મેળાપીપણાની વધુ એક ગંભીર પોલ છતી થઈ છે. શહેરના કારેલીબાગ સ્થિત બ્રહ્માનંદ વિસ્તાર તેમજ જીવન ભારતી ચાર રસ્તા પાસે હાલમાં જ કરવામાં આવેલા સીલકોટના કામગીરી સામે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. કરોડો રૂપિયાના ખર્ચે થતાં રોડ-રસ્તાના કામોમાં હલકી ગુણવત્તાનો માલસામાન વપરાતો હોવાના આક્ષેપો સાથે સમગ્ર વિસ્તારમાં વિરોધનો સૂર ઊઠ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં જ રોડ રિપેરિંગ માટે સીલકોટ કરવામાં આવ્યું હતું, પરંતુ થોડા જ સમયમાં રોડના પોપડા ઉખડવા લાગ્યા છે. ચાલતી વખતે કે વાહન ઊભું રાખતી વખતે ગરમ ડામર પીગળી રહ્યો છે અને લોકોના પગ તથા વાહનોના ટાયર રોડ પર ચોંટી રહ્યા છે. એટલું જ નહીં, આ હલકી ગુણવત્તા વાળી અને ખામીયુક્ત કામગીરીને છુપાવવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તા પર રેતી અને ધૂળ નાખીને થીગડાં મારવાનો નફ્ફટ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પરિસ્થિતિથી કંટાળેલા સ્થાનિક રહીશોએ તંત્રના વહીવટ સામે તીખો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, આધુનિક ટેકનોલોજી અને વિકાસના નામે દાવો કરતું કોર્પોરેશન લોકોને ૧૦૦ વર્ષ પાછળ ધકેલી રહ્યું છે.



---

# વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી યુવકની લેપટોપ-પર્સ ભરેલી બેગની ચોરી

વડોદરા : મૂળ રાજસ્થાનના કોટા જિલ્લાના વિજય સત્યનારાયણ ખારોલ મહારાષ્ટ્રના સાતારા ખાતે રહી પુણેની એશિયન પેઈન્ટ કંપનીમાં નોકરી કરે છે. તેઓ ટ્રેન નં. 20992 દૌંડ-અજમેર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં કોચ નં. એસ/5ની સીટ નં. 64 પર રિઝર્વેશન કરાવી વતન જવા નીકળ્યા હતા. તા.12 સપ્ટેમ્બરે ટ્રેન વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.4 પર ઊભી હતી ત્યારે વિજય પોતાની સીટ પર બેગ રાખી પહેલા વોશરૂમ ગયા હતા. ત્યારબાદ ચા લેવા માટે ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા. ચા લઈને પરત સીટ પર આવ્યા ત્યારે સીટ ઉપર રાખેલી કાળા રંગની અને કેસરી પટ્ટાવાળી બેગ ગાયબ હતી. બેગમાં રૂ.36 હજારની કિંમતનું ડેલ કંપનીનું લેપટોપ, રોકડ રકમ, વિવિધ બેંકોના એટીએમ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ તેમજ આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ અને ચૂંટણીકાર્ડ સહિતનો સામાન હતો

---

### વડોદરા કોંગ્રેસમાં આંતરિક વિવાદ સપાટી પર

# કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા પાસે GPCCએ ખુલાસો માગ્યો

**કાઉન્સિલરે કહ્યું,** પરિવારનો આંતરિક વિષય, સાથે બેસી ઉકેલીશું"

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર-૧ના મહિલા કોંગ્રેસ કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા સામે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરવાના ગંભીર આક્ષેપો ઉઠતા કોંગ્રેસનું આંતરિક રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન પક્ષના અધિકૃત ઉમેદવારો સામે અપક્ષ ઉમેદવારને સમર્થન આપવા બદલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તેમની પાસે કારણદર્શક ખુલાસો માગવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬ની મ્યુનિસિપલ ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર-૧માં કોંગ્રેસ દ્વારા ચાર ઉમેદવારોની પેનલ મેદાનમાં ઉતારવામાં આવી હતી. જોકે, આ જ વોર્ડના કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા પર આક્ષેપ છે કે તેમણે કોંગ્રેસની અધિકૃત પેનલનો પ્રચાર કરવાના બદલે સામે પક્ષે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધવનાર હરીશ પટેલને જાહેરમાં ખુલ્લું સમર્થન આપ્યું હતું. પ્રદેશ કોંગ્રેસને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, મહિલા કાઉન્સિલર દ્વારા અપક્ષ ઉમેદવારની મદદ કરવામાં આવતા કોંગ્રેસની પેનલના મતોનું મોટા પાયે વિભાજન થયું હતું. આ પક્ષવિરોધી વલણના પરિણામે કોંગ્રેસની ચાર સભ્યોની પેનલમાંથી ત્રણ ઉમેદવારો ખૂબ જ ઓછા મતોના તફાવતથી પરાજય પામ્યા હતા. આ ચૂંટણીમાં પણ ફરીથી તેમણે પક્ષ વિરુદ્ધ કામ કરીને અપક્ષ ઉમેદવારને સહયોગ આપ્યો હોવાની રજૂઆતો મળતાં પ્રદેશ કોંગ્રેસે કડક વલણ અપનાવી ફરી ખુલાસો માગ્યો છે. બીજી તરફ, આ મામલે પ્રતિક્રિયા આપતાં કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, "મને આ વિષય અંગે કોઈ જાણકારી નથી. વોર્ડ નંબર-૧નો આ મામલો અમારા પરિવારનો આંતરિક વિષય છે અને અમે સાથે બેસીને તેનો યોગ્ય ઉકેલ લાવી દઈશું." પ્રદેશ કોંગ્રેસની નોટિસ બાદ હવે મહિલા કાઉન્સિલર સામે શું દંડાત્મક પગલાં લેવાય છે તેના પર વડોદરાના રાજકીય વર્તુળોની નજર મંડાયેલી છે.



---

### વાહનચાલકે લાઈટના અજવાળે વીડિયો કર્યો કેદ

# હરણીથી પીલોલ રોડ પર મગરની લટાર, વાહનચાલકોમાં ગભરાટ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરાના હરણીથી પીલોલને જોડતા રોડ પર ગત મોડી રાત્રે એક મગર રસ્તા પર લટાર મારતો જોવા મળતા વાહનચાલકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રાત્રિના સમયે રોડ પર મગર આવી જતા વાહનચાલકોએ તાત્કાલિક પોતાના વાહનો થોભાવી દેવા પડ્યા હતા. મળતી માહિતી મુજબ, હરણી-પીલોલ રોડ પર રાત્રિ દરમિયાન વન્યજીવોના આંટાફેરા સામાન્ય બન્યા છે. અગાઉ પણ અનેક વખત આ વિસ્તારમાં મગરો જાહેર માર્ગો પર જોવા મળ્યા છે. ગત મોડી રાત્રે પણ એક મોટો મગર રોડ ક્રોસ કરી રહ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક વાહનચાલકે વાહનની હેડલાઈટના અજવાળામાં મગરને જોઈ લેતા વાહન ઉભું રાખી દીધું હતું અને આ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. વીડિયોમાં મગર ધીમે ધીમે રોડ પર ચાલતો સ્પષ્ટ જોઈ શકાય છે. મગર તેના ગંતવ્ય સ્થાન તરફ જતો રહ્યા બાદ જ વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને વાહનો આગળ હંકાર્યા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ચોમાસાની સિઝનમાં આ વિસ્તારમાં મગરો વારંવાર બહાર નીકળી આવે છે, જેના કારણે રાત્રિના સમયે અવરજવર કરવી જોખમી બની છે.